RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 272* Date: 22 .07.2023, Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# અઢી મહિનામાં મણિપુર ગુનાની ભઠ્ઠીમાં તપ્યું, ૬૦૦૦ FIR, ૭૦ હત્યા, ૫ દુષ્કર્મ અને નગ્ન પરેડની ઘટનાઓ



મણિપુરમાં છેલ્લા કેટલા સમયથી ચાલતી હિંસા હવે ક્રૂરતામાં ફેરવાઈ ગઈ છે. હાલમાં જ વાયરલ થયેલા બે મહિલાઓ સાથેની ક્રૂરતાના વીડિયોએ આ વાત સ્પષ્ટ કરી દીધી છે. આ દરમિયાન એક અહેવાલમાં જાહેર કરાયેલા આંકડા દર્શાવે છે કે, ૩ મેના રોજ ફાટી નીકળેલી હિંસાથી અત્યાર સુધીમાં રાજયમાં લગભગ ૬ હજાર હ્લૈંઈ નોંધાઈ છે. આ ઉપરાંત લગભગ ૭૦ હત્યાનો દાવો કરવામાં આવી રહ્યો છે. રાજયના કેટલાક ધારાસભ્યોનું કહેવું છે કે ઘણી મહિલાઓને દુષ્કર્મનો શિકાર બનાવવામાં આવી હતી.

સૂત્રો અનુસાર જણાવવામાં આવી રહ્યું છે કે, પૂર્વોત્તર રાજ્યમાં કુકી વિમેતેઈની શરૂઆતથી અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૬,૦૦૦ કેસ નોંધાયા છે, જેમાં અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં ૭૦ હત્યાના કેસ નોંધાયા છે. ઈમ્ફાલ ખીણ અને આસપાસના પહાડી વિસ્તારોમાંથી પોલીસે અત્યાર સુધીમાં કુલ ૬૫૭ લોકોને કસ્ટડીમાં લીધા હોવાનું કહેવાય છે.

ગઈકાલે સાંજે જ મણિપુર વિધાનસભાના ૧૦ સભ્યોએ મહિલાઓ વિરુદ્ધના ગુનાઓના આંકડા આપ્યા હતા. તેમનો દાવો છે કે, રાજયના વિવિધ ભાગોમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછી ૫ મહિલાઓની હત્યા કરવામાં આવી છે. આ સાથે ત્રણ મહિલાઓ દુષ્કર્મનો શિકાર બની છે. જો કે આ દરમિયાન ધારાસભ્યોએ કોઈ માહિતી શેર કરી નથી.

હાલમાં જ એક વીડિયો વાયરલ થયો હતો, જે ૪ મેનો હોવાનું કહેવાય છે. હાલમાં, સરકારે આ વીડિયોને સોશિયલ પ્લેટફોર્મ પરથી હટાવવાની સૂચના આપી છે. અહેવાલ છે કે લગભગ એક હજાર લોકોની ભીડ બે મહિલાઓ પર પડી હતી, જેમાં એક ૨૦ અને બીજી ૪૦ વર્ષની હતી. વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે, ટોળું મહિલાઓ સાથે અશ્લીલ હરકતો કરી રહ્યું છે. એવા આક્ષેપો છે કે, નાની મહિલા પર પણ સામૂહિક દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. આ કેસમાં મુખ્ય આરોપી સહિત અત્યાર સુધીમાં ૪ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

## ૧૯ જુલાઈ સુધી ભારે વરસાદને કારણે ૭૪૭ મૃત્યુ

દેશભરમાં ૨૨ રાજ્યોના ૨૩૫ જિલ્લા પૂરથી અસરગ્રસ્ત થયા છે. આ ચોમાસામાં ભારે વરસાદને કારણે ૧૯ જુલાઈ સુધી ૭૪૭ લોકોના મોત થયા છે. ૧૦ હજાર મકાનો ધરાશાયી થયા છે.પૂરના કારણે ૨.૫૦ લાખ હેક્ટરનો પાક નાશ પામ્યો છે. આ તરફ મૃત પ્રાણીઓની સંખ્યા ૨૧ હજારને પાર થઈ ગઈ છે. આ માહિતી એક જાણીતી ન્યૂઝ ચેનલ દ્વારા આપવામાં આવી છે.અહીં મહારાષ્ટ્રના રાયગઢમાં ભૂસ્ખલનને કારણે આખું ગામ તબાહ થઈ ગયું હતું. જેમાં ૧૬ લોકોના મોત થયા હતા. રાયગઢમાં ૬માંથી ૩ નદીઓ ભયજનક નિશાનથી ઉપર વહી રહી છે.જેમાં અંબા, સાવિત્રી અને પાતાળગંગાનો સમાવેશ થાય છે. અધિકારીઓએ જણાવ્યું કે કુંડલિકા, ગઢી અને ઉલ્હાસ નદીઓનું જળસ્તર ભયજનક નિશાનની નજીક પહોંચી ગયું છે.મહારાષ્ટ્રમાં પૂર જેવી સ્થિતિ વચ્ચે દ્ગડ્ઢઇહ્લની ૧૨ ટીમો તહેનાત કરવામાં આવી છે.

## રાહુલ ગાંધી મામલે સુપ્રીમમાં આગામી સુનાવણી ૪ ઓગસ્ટે, ગુજરાત સરકાર અને પૂર્ણેશ મોદીને નોટિસ

સુપ્રીમ કોર્ટ આજે મોદી સરનેમ ટીપ્પણી સંબંધિત માનહાનિના કેસમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની અરજી પર સુનાવણી કરી હતી. સુપ્રીમકોર્ટે આ મામલે પૂર્ણેશ મોદીને પણ નોટિસ ઈશ્યૂ કરી હતી. તેમને ૧૦ દિવસમાં જવાબ આપવા પણ નિર્દેશ આપ્યો છે. આ સાથે ગુજરાત



સરકારને પણ સુપ્રીમકોર્ટે નોટિસ ઈશ્યૂ કરી છે. રાહુલ ગાંધીએ એવી દલીલ કરી હતી કે વાયનાડમાં ગમે ત્યારે પેટાચૂંટણીની જાહેરાત થઈ શકે છે. હવે આ મામલે આગામી સુનાવણી ૪ ઓગસ્ટે કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ગુજરાત હાઈકોર્ટે રાહુલ ગાંધીની સજા પર સ્ટે મૂકવાની અરજીને ફગાવી દીધી હતી. આ પછી પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષે હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો.


જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ પીકે મિશ્રાની બેંચ આ મામલે સુનાવણી કરી હતી. સીજેઆઈ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની બેન્ચે ૧૮ જુલાઈના રોજ વરિષ્ઠ વકીલ અભિષેક સિંઘવીને આ બાબતનો ઉલ્લેખ કરીને અને તાત્કાલિક સુનાવણીની માંગણી કર્યા પછી રાહુલ ગાંધીની અરજી સાંભળવા માટે સંમત થયા હતા. તેમની અપીલમાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે જો ૭ જુલાઈના ગુજરાત હાઈકોર્ટના ચુકાદા પર સ્ટે નહીં મુકવામાં આવે તો તે વાણી, અભિવ્યક્તિ, વિચાર અને નિવેદનની સ્વતંત્રતાને ગળે ટૂંપો આપી દેવા જેવું થશે.

## કેરળમાં ઈસ્લામિક સ્ટેટનું મોડ્યુલ ઝડપાયું, ૪ સ્થળે NIAના દરોડા

એનઆઈએએ ગુરુવારે કેરળમાં આઈએસઆઈએસ (ઈસ્લામિક સ્ટેટ)ના આતંકી મોડ્યુલનો પર્દાફાશ કરવાનો દાવો કર્યો હતો. મોડ્યુલના એક સભ્યની તમિલનાડુમાંથી ધરપકડ કરવામાં આવી છે. કેરળમાં શંકાસ્પદ આરોપીઓના ચાર સ્થળોએ સર્ચ કરવામાં આવ્યું હતું. એનઆઈએના પ્રવક્તાએ કહ્યું કે ઈસ્લામિક સ્ટેટના મોડ્યુલનો પર્દાફાશ કરવા માટે થ્રિસુરમાં ત્રણ અને કેરળના પલક્કડમાં એક જગ્યાએ દરોડા પાડવામાં આવ્યા હતા.મંગળવારે NIAએ આરોપી આશિફ ??ઉર્ફે મૈથિલ અકથ કોડાયિલ અશરફની તમિલનાડુના સત્યમંગલમથી ધરપકડ કરી હતી.

## મણિપુર મુદ્દે બંને ગૃહમાં હોબાળો યથાવત, લોકસભા સોમવાર સુધી સ્થગિત કરી દેવામાં આવી

મણિપુરમાં હિંસા મુદ્દે કોંગ્રેસ સહિતના વિપક્ષી દળોએ હોબાળો યથાવત્ રાખતાં બંને ગૃહની કાર્યવાહી આગળ વધી શકી ન હતી. ભારે સૂત્રોચ્ચાર વચ્ચે કામગીરી આગળ ન વધી શકતાં રાજ્યસભા ૨.૩૦ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી છે જ્યારે લોકસભાને સોમવાર સુધી સ્થગિત કરી દેવામાં આવી છે.કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે પીએમ મોદીએ મણિપુરને લઈને ગૃહની બહાર



નિવેદન આપ્યું, જ્યારે તેમણે પહેલા ગૃહની અંદર નિવેદન આપવાનું હતું અને પછી બહાર આપી શક્યા હોત, પરંતુ તેઓ પહેલા જ બહાર નિવેદન આપી ચૂક્યા છે. જ્યારે ગૃહની કાર્યવાહી ચાલુ હોય, ત્યારે તમામ નેતાઓએ પહેલા તેમના સભ્યોને નિવેદનો આપવા જોઈએ અને પછી તેમને આપવા જોઈએ કારણ કે તે આપણી ફરજ છે. આ ઉપરાંત તેમણે કહ્યું હતું કે મણિપુરના સીએમને બરખાસ્ત કરવા જોઈએ.મણિપુર મુદ્દે ભારે હોબાળાને કારણે લોકસભા બાદ રાજ્યસભાની કાર્યવાહી પણ સ્થગિત કરવામાં આવી હતી. ઉપલા ગૃહની કાર્યવાહી બપોરે ૨.૩૦ વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી છે.

## દિલ્હીમાં રોજ બળાત્કારના ૬ કેસઃમહિલાઓને લગતા જુદા-જુદા ગુનાના રોજના ૨૭ કેસ આવ્યા

મોહન ગાર્ડનમાં બાઈકસવારોએ વિદ્યાર્થીનીનો મોબાઈલ આંચકી લીધો હતો. સંગમ વિહારમાં બંદૂકની અણીએ મહિલાનું પર્સ લૂંટી લેવામાં આવ્યું હતું. આદર્શનગરમાં બદમાશો મહિલાની ચેઈન તોડીને ફરાર થઈ ગયા હતા. પાટનગરમાં ગુનાખોરીની ઘટનાઓ સતત વધી રહી છે. ખાસ કરીને મહિલાઓ બદમાશોના નિશાને છે.આ વર્ષે છેલ્લા છ મહિનામાં બળાત્કાર, છેડતી સહિત મહિલાઓને લગતા વિવિધ કેસોમાં દરરોજ સરેરાશ ૨૭ ગુનાહિત ઘટનાઓ પ્રકાશમાં આવી છે. એટલું જ નહીં, આ વર્ષે હત્યા, લૂંટ, ઘરફોડ અને ચોરીના કેસમાં પણ વધારો થયો છે. જો કે આ વર્ષે સ્ટ્રીટ ક્રાઈમના ગ્રાફમાં ઘટાડો નોંધાયો છે.આ ઉપરાંત પોલીસનો દાવો છે કે વિવિધ ગુનાઓમાં નોંધાયેલા મોટા ભાગના કેસ ઉકેલાયા છે. જોકે, જ્યારે ભાસ્કરના સંવાદદાતાએ આ અંગે દિલ્હી પોલીસના અધિકારીઓને પ્રશ્ન કર્યો તો કોઈએ જવાબ આપ્યો નહીં.ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષના પ્રથમ છ મહિનામાં બળાત્કારના કેસમાં વધારો થયો છે. આ વર્ષે ૧ જાન્યુઆરીથી ૩૦ જૂન સુધીમાં બળાત્કારના ૧૦૨૯ કેસ નોંધાયા છે. ગયા વર્ષે સમાન સમયગાળામાં આ આંકડો ૯૯૫ હતો.

## સમર્પણ પબ્લિક સ્કૂલ ખાતે ૯૫૦ છોડનું શ્રી શંકરસિંહ વાઘેલા બાપુના જન્મ દિવસ નિમિત્તે વૃક્ષારોપણ



સમર્પણ પબ્લિક સ્કૂલ ખાતે ચેરમેન અને ટ્રસ્ટી શ્રી આદરણીય શંકરસિંહ વાઘેલા બાપુના જન્મદિવસ નિમિત્તે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું જેમાં શાળાના બાળકો દ્વારા આશરે ૯૫૦ જેટલા વૃક્ષો વાવવામાં આવ્યા હતા.આ પ્રસંગે શાળાના ડાયરેક્ટર શ્રીમતી ડોક્ટર રાજી ડેનિસ શાળાના સીબીએસઈનાઆચાર્ય શ્રી સુનિલકુમાર કેસરી તેમજ ગુજરાત બોર્ડ ગુજરાતી માધ્યમના ચીફ કોઓર્ડીનેટર અર્ચનાબેન મિસ્ત્રી ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન એડમિનિસ્ટ્રેટર હેમા ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું. ગાંધીનગર ઈન્ફોસિટી ખાતે આવેલી જોબ પીડિયા ગ્લોબલ ના યુનાઈટેડ ફોરેસ્ટ પ્રોજેક્ટ હેઠળ શ્રીઅલ્તાફ ધંધુકિયા ની આગેવાની હેઠળ આઠ કેમ્પસની અંદર ૯૫૦ વૃક્ષો વાવવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો આ વૃક્ષોની અંદર બીલીપત્ર ખાખરો લીમડો કણજી અરીઠા બોરસલી આસોપાલવ અર્જુન જાંબુ ગુંદા સરગવો અરડુસી જેવા છોડ સમર્પણ સંસ્થાને અલ્તાફ ધંધુકિયા દ્વારા ભેટ આપવામાં આવ્યા હતા હતાં.

## યુવકના પાસપોર્ટ પર બોગસ સિક્કા મારનાર એજન્ટ સામે આઠ મહિના બાદ પોલીસ ફરિયાદ નોંધાઈ

અમદાવાદ

અમદાવાદના યુવકને વિદેશ જવું હતું જેથી તેણે આણંદના એજન્ટનો સંપર્ક કર્યો હતો. ત્યારે એજન્ટે જુદા જુદા દેશના વિઝા લીધા બાદ અમેરિકાના વિઝા મળશે તેમ જણાવ્યું હતું. ત્યારબાદ એજન્ટે યુવકના પાસપોર્ટ પર જુદા જુદા એરાઈવલ અને ડિપાચરના સિક્કા માર્યા હતા. આ મામલે તપાસમાં ઘટસ્ફોટ થતાં એરપોર્ટ પોલીસ મથકમાં એજન્ટ સામે આઠ મહિના બાદ ફરિયાદ થતા પોલીસે તપાસ શરૂ કરી છે.

## તંત્રી લેખ......

# સરકારની ખાંડ મિલો સામે લાલ આંખ, સ્ટોક હોલ્ડિંગ અને વેચાણના આંકડા મંગાવ્યા

અમદાવાદ : સરકારે સુગર મિલો સામે કડક વલણ અપનાવ્યું છે. સરકાર ખાંડ મિલોની સ્ટોક હોલ્ડિંગ લિમિટ તપાસ કરવા જઈ રહી છે. સરકારે કંપનીઓ પાસેથી ખાંડના વેચાણનો ડેટા માંગ્યો છે. કંપનીઓએ સરકારને જીએસટીઆર-૧ ડેટા આપવો પડશે. સરકારે કડક શબ્દોમાં સૂચના આપી છે કે જે ખાંડ મિલો સ્ટોક હોલ્ડિંગ લિમિટ ડેટા પ્રદાન કરતી નથી તેમના માટે ઓગસ્ટનો ક્વોટા બહાર પાડવામાં આવશે નહીં.ખરેખર ખાંડના વેચાણનો ક્વોટા સરકાર નક્કી કરે છે. સરકારને આશંકા છે કે સુગર મિલો બજારમાં નિયત ક્વોટા કરતાં વધુ વેચાણ કરી રહી નથી. જો ખાંડ મિલો ક્વોટા કરતા વધુ વેચાણ કરશે તો બજારમાં ખાંડના ભાવ વધી શકે છે.ઉત્પાદનના આંકડા પર નજર કરીએ તો આ વર્ષે એપ્રિલમાં ઈન્ડિયન સુગર મિલ્સ એસોસિએશન મહારાષ્ટ્રના ઉત્પાદનમાં થયેલા ઘટાડા અને ઉત્તર પ્રદેશના નજીવા વધારાને ધ્યાનમાં રાખીને ચાલુ સિઝન (ઓક્ટોબર ૨૦૨૨થી સપ્ટેમ્બર ૨૦૨૩) માટે ખાંડના ઉત્પાદનના અંદાજમાં સુધારો કર્યો હતો.અંદાજ ૩.૪ કરોડ ટનથી ઘટીને ૩.૨૮ કરોડ ટન કરવામાં આવ્યો છે. વાર્ષિક સ્થાનિક વપરાશ ૨.૭૫ કરોડ ટન હોવાનો અંદાજ છે. ૨૦૨૧-૨૨ની સિઝનમાં દેશમાં ૩.૫૮ કરોડ ટનનું ઉત્પાદન થયું હતું.

# ૨૩ જૂલાઈ, “માતા-પિતા દિવસ



દર વર્ષે જુલાઈ મહિનાનાં ચોથા રવિવારે “પેરેન્ટ્સ ડે” મનાવવામાં આવે છે. સૌ પ્રથમવાર આ દિવસ ૮ મે, ૧૯૭૩નાં રોજ મનાવવામાં આવ્યો હતો. સત્તાવાર રીતે “પેરેન્ટ્સ ડે”ની શરૂઆત વર્ષ ૧૯૯૪માં અમેરિકામાં કરવામાં આવી હતી. કોરિયામાં તો માતૃ દિવસનાં દિવસે જ “પેરેન્ટ્સ ડે” મનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જેના કારણે દક્ષિણ કોરિયામાં દર વર્ષે ૮ મેના રોજ આ દિવસ મનાવવામાં આવે છે. આ દિવસ ઉજવવાનો મુખ્ય હેતુ માતા-પિતા પ્રત્યે આભાર અને સન્માન પ્રકટ કરવાનો છે. માતા-પિતાને ઈશ્વરનું સ્થાન આપવામાં આવ્યું છે. મા મમતાનું સાગર છે તો પિતા ખુશીઓનો ભંડાર છે જે પોતાના બાળકોને નિઃસ્વાર્થ ભાવથી પ્રેમ કરે છે. માતા-પિતાના અથાગ પરિશ્રમથી બાળકોનું ભરણ-પોષણ થાય છે. આ માટે જ તેમને ભગવાનનું સ્થાન આપવામાં આવે છે. બાળકો પાછળ માતાપિતાના નિઃસ્વાર્થ અને અવિરત પ્રયાસની પ્રશંસા કરવાનો દિવસ છે. બાળકનાં જીવનને આકાર આપવા માટે માતા-પિતા જે બલિદાન આપે છે તેની પ્રશંસા કરવાનો આ દિવસ છે. તેઓ કોઈ પણ સંજોગોનો હિંમતપૂર્વક સામનો કરીને પોતાના બાળકને વિશ્વની વાસ્તવિકતાની કઠોરતામાંથી બચાવે છે. જેમ જેમ વ્યક્તિ પુખ્ત વયના વિશ્વમાં ચઢે છે ત્યારે કારકિર્દી, સામાજિક અને અંગત જીવનનો સામનો કરીને, રોજિંદા જીવનની અરાજકતા અને ધમાલ વચ્ચે ઘણીવાર વ્યક્તિ પોતાના માતાપિતાને સમય નથી આપી શકતો તેથી તેમને એકલતાનો અનુભવ પણ થતો હોય છે એવા સમયે આ પ્રકારના દિવસોને નિમિત્ત બનાવીને માતા પિતા સાથે થોડો સમય વિતાવીએ અને એમને કરેલા બલિદાનો બદલ તેમનો આભાર માનીએ.


ભૂલો ભલે બીજું બધું, મા બાપને ભૂલશો નહિ
અગણિત છે ઉપકાર એના, એ કદી વિસરશો નહિ

- મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# દુનિયાના સ્પામ ઈમેઈલ બદલે પરમાત્મા ના ઈમેઈલ પર ધ્યાન આપીએ - સંત રાજીન્દર સિંહજી મહારાજ

સ્માર્ટ ફોન, ટેબ્લેટ વગેરે જેવા આધુનિક તકનીકી ઉપકરણોના પ્રસાર સાથે,લોકો ડિજિટલ પદ્ધતિ દ્વારા પહેલા કરતા વધુ વાતચીત કરે છે.ઘણા લોકો જ્યારે તેઓ રૂબરૂમાં એક બીજા સાથે મુલાકાત કરી શકતા નથી અથવા ફોન દ્વારા વાતચીત કરી શકતા નથી ત્યારે તેઓ ઈમેઈલ અથવા ઈન્સ્ટન્ટ લેખિત સંદેશા દ્વારા એક બીજા સાથે વાત કરે છે. દરેક શોધનો સકારાત્મક લાભ તેમજ નકારાત્મક આડઅસર હોય છે.ઈમેઈલ અને લેખિત સંદેશા જેવી નવીનતા માં પણ તે સાચુ છે.આપણે કુટુંબ, પ્રિયજનો કે મિત્રો પાસેથી સંદેશા વ્યવહાર ની રાહ જોતા હોઈએ છીએ ત્યારે આપણને પણ સ્પામ સંદેશ કે અનિચ્છનીય સંદેશા મળી રહ્યા

હોય છે. મોટાભાગના સ્પામ કે જે આપણા કમ્પ્યુટર અથવા સ્માર્ટફોનના ઈનબૉક્સ ને ભરે છે તે જાહેરાતો હોઈ શકે છે..કેટલીક વાર હેકર્સ આપણે જાણતા હોય તેવા લોકોના નામે ભ્રમિત કરીને ઈમેઈલ મોકલે છે જેથી તેઓ આપણા કમ્પ્યુટર પર વાયરસ લગાવી શકે. કેટલાક એવા લોકો કે જેને આપણે જાણતાં જ નથી તેઓ તેમની પાસે ની



સૂચિમાં થી ફક્ત લોકો ને ઈમેઈલ કરતા રહેતા હોય છે.

પરમાત્મા આપણને ઘરે પરત બોલાવવા નો સંદેશો મોકલવાનો પ્રયાસ કરી રહ્યા છે પરંતુ આપણે આ દુનિયામાંથી મળતા અનિચ્છનીય સંદેશા એટલે કે સ્પા માં આપણો સમય પસાર કરી રહ્યા છે. મન નથી ઈચ્છતો કે આપણે પરમાત્મા તરફ પરત ફરીએ. તે સ્પામ દ્વારા છેતરપિંડી કરીને આપણું ધ્યાન આ દુનિયામાં દોરે છે. ભગવાન ના ઈ મેઈલ-સંદેશ આંતરિક પ્રકાશ અને ધ્વનિ ના રૂપમાં આવી રહ્યા છે.આ ઈમેલને પ્રાપ્ત કરવા માટે આપણે ધ્યાનમાં બેસવાની જરૂર છે. ભગવાન ના ઈ મેઈલ આપણી આત્માને

શાશ્વત આનંદ, આનંદ અને આનંદ માં દોરે છે પરંતુ આપણે એવા વિચારો, શબ્દો અને કાર્યોં માં ઘણો સમય બગાડીએ છીએ જે ભગવાનને શોધવામાં આપણને મદદ કરશે નહીં. આપણે જાણીએ છીએ કે આપણી પાસે શારીરિક શરીર છે તેને સંભાળવા માટે તેને ખવડાવવુ પડશે અને આપણી અને કુટુંબની જરૂરિયાત પહોંચી વળવા કામ કરીએ છીએ. આપણે જાણીએ છીએ કે દુનિયામાં ટકી

રહેવા માટે જે જરૂરિયાત છે તેને ખરીદવા માટે પૈસા કમાવવા માટે આપણે શાળા અથવા નોકરીમાં સમય પસાર કરીએ છીએ. ઘરમાં પણ થોડો સમય પસાર કરવો જોઈએ. આ દુનિયાના ઈમેઈલ વધુ પૈસા, વધુ સંપત્તિ, વધુ પ્રાપ્તિ, વધુ કીર્તિ ની ઈચ્છા

લાલચમાં રાખે છે જ્યારે પણ આપણે એક ઈચ્છા પ્રાપ્ત કરીએ છીએ ત્યારે આપણું મન આપણને બીજી ઈચ્છા મોકલે છે. આપણે પ્રાપ્ત કરેલી કોઈપણ બાબતમાં કદી સંતોષ થતો નથી. કારણ કે ઈચ્છા નો સ્વભાવ આપણને કોઈ બીજી ઈચ્છા માટે દોરી જાય છે ફક્ત એક જ રસ્તો છે કે જે આપણને પરિપૂર્ણ કરી શકે છે તે આધ્યાત્મિક પ્રાપ્તિ છે. આવું કરવા માટે આપણને ધ્યાનમાં પ્રાપ્ત થતા પ્રકાશ અને ધ્વનિ ના સ્વરૂપ માં ભગવાનના ઈ મેઈલ પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. આપણી અંદર એક કીમતી ખજાનો છે પરંતુ

કેટલાક જ એવા છે કે જેમને તેનો અનુભવ છે. આપણે પરમાત્મા ને બહારની દુનિયા માં શોધી રહ્યા છીએ પરંતુ આપણે તેમને આપણા અંતરમાં અનુભવ નથી કરી રહ્યા. તો આવો આપણે દુનિયાના સ્પામ સરખા કરવાને બદલે પરમાત્મા ના ઈ મેઈલ પર ધ્યાન આપીએ. આ રીતે આપણે આંતરિક શાંતિ

અને પરિપૂર્ણતા ને પ્રાપ્ત કરીશુ તથા આપણા સંપર્કમાં આવતા બધામાં ફેલાવી શુ. આપણે ધ્યાન ની કળા શીખીએ આપણી અંદર શાંતિ નુ સ્વર્ગ બનાવીએ છીએ અને બીજામાં ફેલાવીએ છીએ.વિશ્વને શાંતિપૂર્ણ, દૈવી પ્રેમ અને આનંદ નું સ્થળ બનાવે છીએ.

# ઈરાકનું કરબલા શહેર એતેહાસિક અને ધાર્મિક મહત્વ ધરાવે છે




આપણે ત્યાં અસંખ્ય ધાર્મિક સ્થાનો આવેલા છે એમાં આપણે શ્રધ્ધા અને વિશ્વાસથી જઈએ છીએ એમાં ઈરાકના કરબલા શહેર એક અનમોલ એતેહાસિક મહત્વ ધરાવે છેઆજથી ૧૪૪૫ વરસ પહેલા કરબલામાં મૌલા હુસેન અસ અને જાલીમ શાસક યઝીદ વચ્ચે સત્ય અને અસત્યની લડાઈ થઈ હતીયઝીદ પાસે ૯ લાખ સેનિકોનું લશ્કર હતું ઈમામ હુસેન અસ સાથે માત્ર ૭૨ સાથીઓ હતા

યઝીદ જાલીમ શાસક હતો શરાબ સુંદરીનો શોખીન હતો તેના દરબારમા કાયમ શરાબ નાચગાનની મહેફિલો ચાલતી રહેતી હતીતમે કરબલા શહેરમાં આવો તો એક સ્વચ્છ અને સુંદર શહેરના દર્શન થશે અહીં આવેલા ઈમામ હુસેન અસના હરમમા તમને ૨૪/૭ કલાક ભીડ જ ભીડ નજર આવશે આખી દુનિયામાંથી શ્રધ્ધાળુંઓનો અવરીત સતત પ્રવાહ રાતદિવસ વહેતો જ રહે છે.તમે દિવસના જાવ કે સાંજે જાવ કે મધરાતે જાવ ત્યાં સતત તમને શ્રધ્ધાળુંઓનો મેળો જ જોવા મળશે તમે ત્યાં જાવ તો તમારી બાજુમાં તમારી સાથે દુબઈના અમેરિકા કુવૈત ફ્રાન્સ જર્મની પાક ઈરાક ઈરાન સહિત અસંખ્ય દેશોના શ્રધ્ધાળુંઓ દર્શન કરતા હશે

લાખો લોકોની અવરજવર છતાં શિસ્ત અને ડિસિપ્લિન કાબિલે તારીફ છે.લાખો લોકોની હાજરી છતાં ક્યાં કશો ઘોંઘાટ કે કોલહલ નહી કેટલા કિલોમીટર સુધી લાંબી લાઈન સુધી લાઈન છતાં કોઈ ધક્કામુકી નહીઈરાકીઓ ભીડમાં તમને હાથ પકડીને આગળ ઝયારત કરવા લઈ જાય છે સ્થાનિક ઈરાકીભાઈઓ ખુબ જ સાથ. સહકાર માર્ગદર્શન આપે છે

તમારી કોઈ ચીજવસ્તુ ખોવાઈ જાય તો કોઈ તમારી ચીઝવસ્તુ ને હાથ પણ લગાડશે નહી ઈરાકી પ્રજા એકદમ પ્રામાણિક છે તમારી વસ્તુ તમને તરત જ પાછી. મળી જશેઆપણા ઈન્ડિયાના ૧૦૦૦ હાજર રૂપિયાના ઈરાકમાં ૧૮૦૦૦ ઈરાકી ડોલર મળે છે.તમે કોઈ દુકાને કઈ ખરીદી કરો અને તમારી પાસે રૂપિયા ઓછા વધતા હોય તો પણ દુકાનદાર તમને ચીઝ વસ્તુઓ હસતા હસતા આપી દેશે.રૂપિયા તમે પછી આપી દો તે તમારી ઈમાનદારી અને પ્રામાણિક તા.ઈમામ હુસેન અસની ઝરી મુબારક પર તમે આવો તો તમારી જે વરસો જુની ઈચ્છા મનોરથ માંગણીઓ પુરી થાય છે તમને તે વખતે ગભરાઈને કે ખુશીના મારે તમને કઈ સુજે નહી શું બોલવું એ સમજ પડતી ના હોય તો પણ કઈ નહી.તમારી ત્યાં હાજરી જ પૂરતી છે તમારી બધી દુવાઓ કબૂલ થઈ જશે

અહીં ૨૪ કલાક ખડેપગે સેવાભાવી સ્વયંસેવકો આપણી સેવામા હાજર જ હોય છે તમને કોઈ પણ તકલીફ હોય કઇ પૂછવું હોય તો તરત જ તમારી વાતનો નિકાલ તરત જ લાવી દે છે

તમને દવાદારૂ પણ તરત જ ફ્રીમા મળી જાય છે

કરબલા એક અલૌંકિક અનોખો અનુભૂતિ કરાવે છે જીવનભરનું યાદગાર સંભારણું બની રહે છે તમારુ દીલ નરમ અને પોચું બની જાય છે તમને તમારા અંતરઆત્માથી સ્વયંભૂ પ્રેરણા મળશે.તમને વારંવાર કરબલા જવાનું મન થશે.પાક પરવરદીગાર દરેક મુમેનીનને એક નહી ૭૦ વાર હજ અને કરબલા નસીબ કરે.

**આમીન.અબ્બાસભાઈ કૌકાવાલા.સુરત**

# પાણી પહેલા પાળ બાંધું છું

પાણી પહેલા પાળ બાંધું છું,
પાયા પહેલા માળ બાંધુ છું.

મોહ,માયા,મંદ,મોહ વગેરે,
શત્રુને ત્યજી જંજાળ બાંધુ છું.

ઈચ્છાઓ કયાં શુધ્ધ હોય છે,
શુધ્ધિ અર્થે વસ્ત્રગાળ બાંધુ છું

સંચિત કર્મો શું વધતા રહે છે?
પુણ્યની પોટલી કંગાળ બાંધુ છુ.

રાતે દીવો પ્રજવલિત ન હાય તો શું?
અસ્ત સૂરજનું અસ્તાચળ બાંધુ છું.

ભરત વૈષ્ણવ...૨૧.૭.૨૦૨૧.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

નહેરૂ-ગાધી પરિવાર પર અનાપશનાપ કોમેન્ટ કરનાર અભિનેત્રી પાયલ પરનો કેસ બંધ કરી પાયલને ફૂલણજી ફાળકે, પોલ્સન રત્ન એનાયત કરો!!

આ દેશમાં તમે ગમે તેના પર કાદવ ઉછાળી શકો છો.તમારે પુરાવા આપવાની જરૂર નથી.ગમે તેનું મૂતર ખોદી શક છો.એવિડન્સ માય ફૂટ!! તમારે રદિયો આપવા બાપવાનો નથી. મીઠા ઝાડના મૂળિયા ખોદો!નો પ્રોબ્લ્મ.કોઇ તમારો વાળ વાંકો કે સીધો કરી શકશે નહી.

માનહાન,બદનક્ષી,કેસથી ગભરાવવું નહી.કેમ કે,ટાઇગર મરા હી નહી.એટલે ટાઇગર અભી ભી જિન્દા હૈ!!( બોસ, તો પછી મરા કૌન હૈ!! યેહ સાલ્લા બડા સસ્પેન્સ હૈ!)કાયદો શાસક પક્ષનું કશું બગાડવા માંગતો નથી.

તમે સોશિયલ મિડીયા પર ગમે તેવો અને ગમે તેના પર બખાળો ન કરી શકો.કેમ કે આપણે ઇરિસ્પોન્સિબલ નેટીજન નથી .તમારે એક મેગ્નિફાઇંગ ગ્લાસ રાખવાનો છે.તમારે હંમેશા નાના છીદ્રોને મોટા ભગદોળા સાબિત કરવાના!!!

એક વાત યાદ રાખજો કે નર્ક અગર સ્વર્ગમાં ભાંડણલીલા,કૂથલી ,નિંદા,ગોસિપ,કૌઇનું વાટી શકાતું નથી.માત્ર એક જ જન્મ કોઇને ભાંડવા મળેલ છે.એ જન્મનો સદુપયોગ કરી જેટલું ભાંડી શકાય તેટલું ભાંડો!! એક ભજન છે કાળિયા ભજીને લે ને કીરતાર સપના જેવો છે સંસાર .ભાંડવાનુ પણ એવું જ છે!! નમન નમન મે ફેર હૈ બહુત નમે નાદાન એવી કહેવત છે!! જે ભાંડણકળાને પણ લાગે છે!!

જે તમે નેટીજન તરીકે વોટસએપ યુનિવર્સિટીના ઓનલાઇન આજીવન સ્ટુડન્ટ છો તો તમારે એને જ ગાળો દેવી કે જે આ દુનિયામાં હયાત ન હોય! જેમ કે ગાંધીજી. ગાંધીજીને ગાળો આપે છે.નયા ભારતમાં ગાંધીજીને ગાળો આપી અપમાનિત કરવાની ફેશન છે!! ગાંધીજીને ગાળો આપી પોતાની લીટી મોટી કરવાની ફેશન છે. ગાંધી નિર્વાણ દિવસે બાપુના પૂતળા પર ગોળીબાર કરી લોહી કાઢવાની બહાદુરી કરે છે.ગાંધી હત્યાને ગાંધી વધ કહેવાની ધૃષ્ટતા સુધી પહોંચ્યા છે . દેશના નાયકોએ આઝાદી મેળવવા અંગત હિતો,નોકરી,પરિવારની ખેવના ન કરી. સરકારી તિજોરી લૂંટીને ખુદની તિજોરી ન ભરી! તે લોકો જેલમાં ગયા,પોલીસની લાઠી ખાધી ,શ્રીફળની જેમ માથા વધેરાવ્યા, કાળા પાણીની સજા સહન કરી, કેટલાક દૂધમલિયા આઝાદીના જંગમાં ખપી ગયાકેમ કે,એ તમારી પોસ્ટ પર કાઉન્ટર એટેક કરવાના નથી!! આ અર્થમાં તમારી પોસ્ટ સેઇફ છે!!

તમે નલ્લા છો.તમેનથીગ ફોર એલ્સ છો.તમે શેખચલ્લી છો.તમે કશું કર્યા સિવાય કે ઉકાળ્યા( અહીં તમે સાહેબનું ઉદાહરણ સેટ ન કરતા!! અમારોા સાહેબને ફેસિલિએટ કરવાનો નાજુક અને નમણો ઈરાદો નથી!!) વિના તમારી લીટી ( અકકરમીઓ તમારી લીટી કયાંથી હોય?? તમારું તો બિંદુ હોય તો પણ ગનીમત છે!!) મોટી કરવા માંગતા હોઉં તો નહેરૂને ભાંડો.અનદાવાદના રોડ પર પડતા અદ્ભૂત ભૂવા કે રસ્તા પંક રખડતા ઢોર માટે નહેરૂને જવાબદાર ઠેરવો.આ દેશની હાલની તમામ અને ભવિષ્યની તમામ સમસ્યા માટે નહેરૂની ટૂંકી દ્રષ્ટિ ( ટુંકી દ્રષ્ટિના ચશ્માની વાત ન સમજવી!) જવાબદાર છે!! એવું ભક્તગણ માને છે!!

કેટલાક બટુકો પંડિત નહેરૂને દેશના પ્રથમ પ્રધાનમંત્રી તરીકે દિલદિમાગથી સ્વીકારવા તૈયાર નથી. નહેરૂ કેવી રીતે પ્રધાનમંત્રી બનેલ, કોણે તરફદારી કરેલ, કેને સાઇડલાઇન કરેલ વગેરેનું વિષમંથન કરી શકો. સરદારને વડાપ્રધાન ન બનાવ્યા તે તેમના પક્ષનો આંતરિક મામલો હતો. સરદારને વાંધો હોય તો તેમણે વિરોધ કરેલો હોત. તેમના વતી તમને આટલા વરસે વિરોધ કરવાનું વકીલાતનામું સરદાર સાહેબે દીધું છે??ભકતો વિશ્વવલ્લભ સિવાય પણ બીજું કોઇ મહાન હતા કેમ માની શકતા નથી ભક્તો તેમનાભગવાને ૧૯૪૭મા પૃથ્વી પર અવતાર ધારણ કરેલ ન હતો. છતાં બાબુલાલ નામધારી નેતાએ વિશ્લવલ્લભને પ્રધાનમંત્રી બનાવવા કોંગ્રેસમાં સર્વ સંમતિ હતી તેવા નિવેદનો ફટકારે છે.તમે સિલેબસમાંથી ભારતના પ્રથમ વડાપ્રધાનનું ચેપ્ટર તમામ કરી શકો, પરંતુ ઈતિહાસમાંથી નહેરૂને ડીલીટ તો ન કરી શકો.તમારી અણઆવડત માટે નહેરુ કંઇ રીતે જવાબદાર ગણાય ? ફિરોઝ ગાંધી મુસ્લિમ હતા,મોતીલાલ નહેરુના પિતાજી મુસ્લિમ હતા, સોનિયા ગાંધી રેસ્ટોરેન્ટમાં બાર ગર્લ હતી , જવાહરલાલ નહેરુંને માઉન્ટ બેટન સાથે એક્સ્ટ્રા મેરિટલ અફેર હતો વગેરે ભૂતકાળની બાબતો લોથલ જેવા પુરાતત્વ સ્થળનું ઉત્ખનન કરો તેમ નફરતના ત્રિકમથી ખોદતા રહો.અલબત,આવી તમામ હકારાત્મક અને રાષ્ટ્રનિર્માણ માટે ખણખોદ કરવાથી તમે સાહેબની ગુડબુકમાં આવી જશો અને ગોબર પાત્રાની જેમ સાંસદ બની શકશો.ગદારોને ગોળી મારો જેવા સૂત્રો બોલવાથી મંત્રી બની શકશો!!

તમે વિપક્ષ માટે અનાપશનાપ બકો.વિપક્ષને ટુકડે ટુકડે ગેંગ કહો,ભ્રષ્ટાચારનો મોલ કહો,પરિવારવાદી કહો.વિકાસ વિરોધી કહો.કોઇ વિપક્ષી નેતાની ગર્લફ્રેંડને પચાસ કરોડની કહો.વિપક્ષી મહિલા નેતાન જર્સી ગાય કહો. તમારો વાળ વાંકો,નહી થાય!તમે નોંધી રાખો કે માનહાનિ, બદનક્ષી, બડબોલાપન,બખાળા માટે વિપક્ષ પર કાર્યવાહી કરવાનુ હોય.રસ્તાના ખાડા માટે અદાલતો સ્વયં પીઆઇએલ દાખલ કરી ફીફા ખાંડશે.સાહેબે કરેલ બખાળા સામે કોઇ કોર્ટે સુઓમોટો કાર્યવાહી કરી નથી.કેમ કે,જયુડિશિયરીને સાપ સૂંઘી જાય છે!!પોલીસ પણ મૂક,બધિર,પંગુ બની જાય છે!!!

આપણા પપ્પુએ એક નાતને ( તર્કશાસ્ત્રની રીતે વાકય ઓકે!)લોકસભાની ચૂંટણીના પ્રચારમાં ચોર સાથે સાંકળી. ખલાસ ! પૃથ્વી રસાતાળ ગઇ. પપ્પુએ મહાઅપરાધ કર્યો હોય તેમ કોર્ટે સંસદસભ્યના પદેથી હકાલપટ્ટી કરી. મકાન ખાલી કરાવ્યું.તેનાથી સંતોષ થયો નહી ,હજુ પપ્પુનું મૂતર ખોદી ખોદી રહ્યા છે!!

હમણા માનો કે ઉલ્ટી ગંગા વહી.માનો કે પશ્ચિમમાં સૂરજ ઉગ્યો .કંગના રણૌત જેમ ઉધ્ધવ ઠાકરેને ભાંડે છે તેમ પાયલ રોહતગી નામની અભિનેત્રીએ અભિનેત્રી પાયલ રોહતગીએ પંડિત જવાહરલાલ નેહરુ અને ગાંધી કુટુંબ વિશે વાંધાજનક વિધાન કરતો વિડિયો અજ્ઞાત વ્યક્તિ સાથે મળીને તૈયાર કર્યો અને સોશિયલ મિડિયા પર તે વાઈરલ કર્યો હતો. સંબંધિત વિડિયોમાં પાયલે ટ્રિપલ તલાક કાયદાનો કોંગ્રેસ કુટુંબ સંપૂર્ણ વિરોધ કરી રહ્યું છે એવી ટિપ્પણી કરી છે. પાયલે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી, દેશના ભૂતપૂર્વ વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુ, ભૂતપૂર્વ વડાં પ્રધાન ઈન્દિરા ગાંધી અને ભૂતપૂર્વ વડા પ્રધાન રાજીવ ગાંધી વિશે વાંધાજનક વિધાન કર્યું હતું. આમાં વાંધાજનક શું હતું?? આવું તો નયા ભારતમાં સહજ છે!! કાણાને કાણો કહેવો એમાં કયો અપરાધ છે?? (સાહેબ એટલે ભારત અને ભારત એટલે સાહેબ એવું સમીકરણ છે.સાહેબનું અપમાન એટલે ?? રાષ્ટ્રનું ઘોર અપમાન !! )આ કેસમાં બુંદી ખાતેની કોર્ટમાં પાયલ સામે કાર્યવાહી ચાલે છે!! હવે ઓગણીસમી સપ્ટેમ્બર સુનાવણી છે!!!

આપણે શાસકપક્ષ જે કરીએ છીએ તે કામ પાયલ કરે છે.વિપક્ષને ભાંડવા માટે અનુપમ ખેર.કંગના રણૌત જવાબદાર ન હોય તો પાયલ કેવી રીતે જવાબદાર કહેવાય?? રાષ્ટ્રનિર્માણ માટે વિપક્ષના નેતાની ટીકા કરવી એ જીવંતની નિશાની છે.કેરી કાપીને ખાવી કે ચુસીને ખાવી,તમને કેમ થાક લાગતો નથી કે તમે કયું ટોનિક પીવો છો એ પ્રકારના સવાલો લોકશાહીના ચોથા સ્થંભને સુદ્રઢ કરે છે!!પાયલે કરેલી ટિપ્પણી આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીમાં ચાર ચાંદ લગાવે છે!!પાયલે કરેલી ટિપ્પણી માટે નયાભારતની એકસો ચાલીસ

આભાર - નિહારીકા રવિયા કરોડ અહેસાનમંદ છે. અદાલતોએ આવા પેટી કેસો પાછળ ટાઇમ બગાડવાના બદલે સાહેબ વિરોધીઓને ઠેકાણે પાડવાની સ્વયંભૂ ઝૂંબેશ હાથ ધરવી જોઇએ.આ ઝૂંબેશના ઝંડાધારીને ચીફ જસ્ટિસ-જજના આઉટ ઓફ ટર્ન પ્રમોશનો આપવા જોઇએ!!પાયલને ઇનામ અકરામથી વંચિત શું કામ રાખવાની??એને ફૂલણજી ફાળકે(ફાળકે એવોર્ડને સમાંતર સૂચિત એવોર્ડ.જેના ઘણા દાવેદાર છે!!), પોલ્સન રત્ન ( નયા ભારતમાં ભક્ત કેટેગરી માટેનો એવોર્ડ છે!!) ઘૃણા શિરોમણી એવોર્ડ (વિપક્ષ પર કોબ્રાની જેમ શાબ્દિક ડંખ મારવામાં ઉતમ હોય તેને આ એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે!!)થી નવાજવી જોઇએ.વોટ ડુ યુ સે રીડર સર!!

ભરત વૈષ્ણવ

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




N.O.G. S.S No. – 152
વિષય - પ્રસંગ
પ્રકાર - પદ્ય ગઝલ છંદોબદ્ધ
શીર્ષક - પ્રસંગો સાચવી સઘળાં
શબ્દો - ૯૮

પ્રસંગો સાચવી સઘળા અને બેઠો જગતમાં છું.
મુકીને દાવ પણ જીવન જુઓ બેઠો રમતમાં છું.

બતાવું ચાલ જીતીને હજુ પણ હામ બાકી છે,
ભલે આ હાથ છે ખાલી છતાં બેઠો શરતમાં છું.

હતો હું કિંમતી ત્યારે ખરીદી ના શક્યાં હો તો,
ભરો ખિસ્સે મને કોઈ જુઓ બેઠો મફતમાં છું.

તમે હથિયાર ભાંગેલાં અમારાં હાથમાં ભાળી,
મને હારેલ ના સમજો હજુ બેઠો લડતમાં છું.

ભલે ફેંકો તમે પાસા શકુની ચાલ જેવા પણ,
કરી છે કૂકરી ગાંડી પછી બેઠો ભરતમાં છું.

રહો છો દૂર પણ ભૂલી જશો એ વાત ખોટી છે,
કદી આવી મળો એ જીદ લઈ બેઠો મમતમાં છું.

દિલીપ ધોળકિયા,"શ્યામ"
જૂનાગઢ.....૨૦/૦૭/૨૦૨૩

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

*N.O.G. S .S. No. 0102*.
★વિષય:-પ્રસંગ★.
★શીર્ષક:-લગ્ન પ્રસંગ★
★શબ્દો:-૪૪૫★.
★લેખકનું નામ:- રતીલાલ વાયડા★

★રચના★:-

★લગ્ન પ્રસંગ એ જીવનનો એક અનેરો પ્રસંગ હોતો હોય છે★ .

★અમારી દ્વારકાની ગુગળી બ્રાહ્મણની પરંપરા મુજબ છેલ્લા ૫૦ વર્ષ થયા સમૂહ લગ્નની પ્રથાનું આયોજન કરવામાં આવે છે★.

★જ્ઞાતિનું તમામ સમૂહ લગ્નનું આયોજનમાં કોઈપણ પ્રકારનો પૈસો આપવાનો હોતો નથી. પાંચ દિવસ સુધી આ કાર્યક્રમ જ્ઞાતિ તરફથી યોજવામાં આવે છે. લગ્ન બાદ વર કન્યા અને બટુકોને લગભગ ૫૧ જેટલી ઘર વપરાશની વસ્તુઓ આપવામાં આવે છે★.

દર બેવર્ષે ૨૫થી ૩૦ જેટલા સમૂહ લગ્ન, ચૌલ સંસ્કાર અને યજ્ઞ પવિત્ર એકીસાથે મોટા મંડપમાં કરવામાં આવે છે.

પ્રથમ દિવસે લગ્નનું મુહૂર્ત જોવામાં આવેછે. લાપસી રોટલી અને ફૂલવડા દાળ-ભાત શાક નું જમવાનું હોય છે સવારે રાત્રે સાદુ ભોજન.

બીજે દિવસે મંડપ આરોપણ હોય છે. સાંજે ચૌલ સંસ્કાર અને યજ્ઞ પવિત ના ફુલેકા નીકળે છે.

બપોરે ભોજનમાં મોહનથાળ, દાળ, ભાત, શાક, પુરી, બટેટા વળા અને રાત્રે સાદુ ભોજન હોતું હોય છે.

ત્રીજે દિવસે સવારે ભોજન માં છૂટી બૂંદી, સેવ દાળ-ભાત શાક ,પુરી હોય છે.

સાંજના વર અને કન્યાના બંનેના સાથે ફુલેકા આખા આખા ગામમાં નીકળે છે બેન્ડવાજા ફટાકડા અને નૃત્ય ગીત સાથે રાત્રે પૂર્ણ થાય છે.

રાત્રે જમવામાં સ્વરુચી ભોજન હોય છે .તેમાં ચાઈનીઝ ,દહી વડા ,મંચુરિયન ,પાવભાજી ,ઈડલી ઢોસા, તેમજ આઈસ્ક્રીમ ભોજનમાં આપવામાં આવે છે.

ચોથે દિવસે સવારમાં ચૌલ સંસ્કાર યજ્ઞ પવિત અને વર કન્યા ની અગિયારી નો કાર્યક્રમ હોય છે. ત્યાર પછી બપોરે ૦૩:૦૦ વાગ્યાથી લગ્ન વિધિની શરૂઆત કરવામાં આવે છે. તેવા સુંદરમાં મંડપ શણગારવામાં આવે છે અને એકી સાથે સમૂહમાં લગ્નની વિધિ ચાલુ થાય છે .જે છે સાંજ સુધી ચાલતી હોતી હોય છે.

બપોરે જમવામાં અડદિયા, ગાંઠીયા, દાળ ,ભાત શાક ,પુરી તેમાં રાત્રે વિવિધ પ્રકારના ભોજનનું આયોજન કરવામાં આવે છે.

પાંચમે દિવસે બપોરે નૈવેધ હોય છે. તમામ કુટુંબના જ્ઞાતિની કુળદેવીઓને નૈવેધ ધરાવવામાં આવે છે. ખીચડી, કઢી , પાપડ ચટણી ,ઘીમાં બોડેલી રોટલી, લાપસી , ખીર અને બીજી ઘણી બધી વસ્તુઓ માતાજીને ધરાવવામાં આવે છે .તેનું ભોજન હોય છે.

રાત્રે લગ્નનું જાનનું આયોજન કરવામાં આવે છે. તેમાં કરણશાહી લાડુ, જલેબી, ઘારી, ,કચોરી, ચવાણું, કઠોળ, દાળ, ભાત, શાક ,પુરી હોય છે.

લગ્ન સમય દરમિયાન પાંચે પાંચ દિવસ સુધી સવારના નાસ્તો, ચા, પાણી, દૂધ, કોફી ની વ્યવસ્થા કરવામાં આવે છે રાત્રે જ્યારે સમૂહ ગીતો, સમૂહ ગરબા વગેરેનું પણ આયોજન કરવામાં આવે છે તે વખતે પણ ગરમ ગરમ ગાંઠિયા જલેબી સંભારો તળેલા મરચાં વગેરે આપવામાં આવે છે. આમ પાંચ દિવસ સુધી બ્રાહ્મણો આ સમૂહ લગ્નનો આનંદ લેતા હોય છે.

આખા ભારતમાંથી રહેતા તમામ જ્ઞાતિજનોને આમંત્રણ હોતું હોય છે અને લગભગ આ પ્રસંગમાં રોજનું પાંચ હજાર જેટલા લોકો માટે ભોજન વ્યવસ્થા કરવામાં આવતી હોય છે .આ તમામ વ્યવસ્થા જ્ઞાતિ તરફથી મફત કરવામાં આવે છે ખૂબ મોટા મંડપ બાંધવામાં આવે છે તેનો શણગાર કરવામાં આવે છે પુરોહિત દ્વારા બધી વિધિ કરવામાં આવે છે બેન્ડવાજા ફુલેકા આ તમામ ખર્ચ જ્ઞાતિ તરફથી ભોગવવામાં આવે છે.

આ લગ્ન યોજવામાં પ્રસંગ સુંદર રીતે ઉજવવામાં આવે છે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NSO SS NO–154
વિષય: પ્રસંગ
નામ : બીના એન પીઠડીયા, વૈદેહી
શીર્ષક : પરિવારની છત્રછાયા
શબ્દ સંખ્યા : ૩૨૦ આશરે

કોઈક જગ્યાએ કંઈક અભાવને લીધે અપાતી કોઈ પણ જાતની ઓથને છત્રછાયા કહેવાય છે. એ પછી ગમે તેની છત્રછાયા હોય. કોઈનાં માથે છત્ર નથી તો કોઈને માથે છાયા નથી. દરેક જીવને કયારેક ને ક્યારેક તો છત્રછાયાની જરૂર પડતી હોય છે. અમારા ઘરમાં બનેલી અને અમે પોતે અનુભવેલી ઘટના આપ સહુ સમક્ષ હું રજું કરું છું.

બહુ નાની ઉંમરમાં છાતીમાં દુખાવો ઉપડતાં અચાનક જ મારાં જેઠનુ દેહાંત થયું. ૩૫ વર્ષ પહેલાં અત્યારે છે એવી જટીલ સારવાર ના હતી, એટલે એમને બચાવી ના શક્યા. જેઠના જવાથી એમની બે દીકરીઓની જવાબદારી અમારા ઘર પરિવાર પર આવી પડી.

જ્યારે મારા જેઠ શ્રીજી ચરણ પામ્યા ત્યારે મારાં જેઠાણીની ઉંમર બહુ નાની હોવાથી મારા સસરાએ મારા જેઠાણીના બીજા લગ્ન કરાવી આપ્યા. એમની બંને દીકરીઓ અમારી પાસે રહી. એ સમયે મારાં સસરાના વિચાર ઊંચા અને આગમી હતા. જેથી તેઓ આવો નિર્ણય લઈ શક્યાં. દીકરીઓનાં નામ - પાયલ,પૂજા તથા મારાં દીકરાનું નામ કૃણાલ. પાયલ મોટી સમજણી અને ડાહી કૃણાલનુ બહુ ધ્યાન રાખે. પૂજા થોડી તોફાની, અલ્લડ, જીદ્દી મસ્તીખોર સ્વભાવ પણ મનની બહુ ભોળી. જોતજોતામાં છોકરાંવ મોટા થઈ ગયાં અને પરણી ગયાં. સમયે એનું કામ કર્યું ને અમે અમારું કામ કર્યું. દીકરીઓને નાને થી મોટી કરી ભણાવી ગણાવીને પરણાવી સાસરે મોકલી. દીકરીઓને જીવનમાં કોઈ પણ વાતની ખોટ પડવા દીધી નથી. બે દીકરીઓની જવાબદારી હોવાથી અમે એક જ પુત્ર થવા દીધો. પુત્ર આવતાં જ મારી બંને દીકરીઓ ભાઈથી ઢંકાઈ ગઈ. અમારા ઘરમાં મારા પુત્રના જન્મથી મારા જેઠ ગયાનું દુઃખ ઓછું થવા લાગ્યું.

બંને દીકરીઓને લગ્નમાં અમને કન્યાદાનનો મોકો મળ્યો. કન્યાદાન જે સૌથી મોટું દાન છે. બંને દીકરીનાં વિવાહનો પ્રસંગ અમે ખૂબ ધામધૂમથી કર્યો. હું યશોદા મા બની અને અમને કન્યા સુખ મળ્યું. દીકરીઓને માવતર રૂપે કાકાકાકીની છત્રછાયા મળી અને અમને દીકરી રૂપે કન્યા સુખ મળ્યું. અમારે દીકરી નથી તો દીકરીઓનો પ્રેમ મળ્યો. કંઈક સાજે માંદે દીકરીઓ આવીને ઉભી રહે. દીકરીઓને અમારો બહુ લગાવ છે. અમારી ચિંતા કરે, ધ્યાન રાખે કંઈ પણ હોય આવીને તુરંત ઉભી રહે. અમે બંને પણ દીકરીઓનાં સારા-નરસા પ્રસંગમાં ઉભાં રહીએ છીએ. દીકરીઓ નાનામોટા પ્રસંગે, વેકેશનમાં અમારાં ઘરે આવે છે. અમારે અમારા દીકરા કરતાં વિશેષ બંને દીકરીઓ છે.

સગપણ સાચાં હૃદયે નિભાવો તો ઘરમાં જ સ્વર્ગ છે.
બીના એન પીઠડીયા, વૈદેહી

# એમસીએક્સ પર ક્રૂડ તેલ અને નેચરલ ગેસના વાયદાના ભાવમાં સીમિત રેન્જમાં સુધારો

## ડેઈલી માર્કેટ રિપોર્ટ
નૈમિષ ત્રિવેદી

કોટન-ખાંડી, મેન્થા તેલમાં નરમાઈ: સોનાનો વાયદો રૂ.૨૪૧ અને ચાંદીનો વાયદો રૂ.૨૧૬ ઘટ્યો: પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૬,૫૧૧ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧૬૩૮૪ કરોડનું ટર્નઓવર: બુલડેક્સ વાયદામાં રૂ.૧૬ કરોડનાં કામકાજ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૬૧,૧૨૯ સોદાઓમાં કુલ રૂ.૨૨,૯૧૧.૦૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૬,૫૧૧.૦૯ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૬૩૮૪.૧૧ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૪૯,૦૯૩ સોદાઓમાં રૂ.૪,૦૬૯.૨૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯,૫૪૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૫૮૭ અને નીચામાં રૂ.૫૯,૨૬૧ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૪૧ ઘટી રૂ.૫૯,૩૧૧ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૨૧ ઘટી રૂ.૪૭,૯૦૯ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૨ ઘટી રૂ.૫,૯૦૨ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૧૧ ઘટી રૂ.૫૯,૨૪૮ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૫,૪૮૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૫,૫૪૫ અને નીચામાં રૂ.૭૫,૦૩૪ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૧૬ ઘટી રૂ.૭૫,૨૩૩ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૨૦૨ ઘટી રૂ.૭૫,૦૯૬ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૧૮૭ ઘટી રૂ.૭૫,૦૯૭ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૦,૬૮૭ સોદાઓમાં રૂ.૧,૨૧૧.૧૧ કરોડના વેપાર થયા હતા. તાંબુ જુલાઈ વાયદો રૂ.૭૩૦.૮૦ના ભાવે ખૂલી, રૂ.૨.૧૫ ઘટી રૂ.૭૨૭.૮૦ જ્યારે એલ્યુમિનિયમ જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૦ વધી રૂ.૧૯૬.૩૦ તેમ જ સીસું જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૦ વધી રૂ.૧૮૩ના ભાવ થયા હતા. જસત જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૦.૦૫ વધી રૂ.૨૧૩ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની જુલાઈ વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૧૫ વધી રૂ.૧૯૬.૪૫ સીસુ-મિની જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૦.૬૫ વધી રૂ.૧૮૨.૬૫ જસત-મિની જુલાઈ વાયદો કોઈ ફેરફાર વગર રૂ.૨૧૩.૩૦ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૨,૦૮૯ સોદાઓમાં રૂ.૧,૨૧૭.૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૨૩૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૨૯૪ અને નીચામાં રૂ.૬,૨૩૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૭૦ વધી રૂ.૬,૨૮૧ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની ઓગસ્ટ વાયદો રૂ.૬૪ વધી રૂ.૬,૨૭૪ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ જુલાઈ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૨૬ના ભાવે ખૂલી, રૂ.૧.૮૦ વધી રૂ.૨૨૭.૬૦ અને નેચરલ ગેસ-મિની જુલાઈ વાયદો ૧.૮ વધી ૨૨૭.૫ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૧૩.૬૦ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૮,૩૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૮,૫૦૦ અને નીચામાં રૂ.૫૮,૨૮૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮૦ ઘટી રૂ.૫૮,૩૪૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૧૦ ઘટી રૂ.૮૭૨.૫૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૨૦૬.૮૫ કરોડનાં ૩,૭૧૦.૫૯૩ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૮૬૨.૪૩ કરોડનાં ૨૪૭.૧૯૪ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૪૫૯.૦૮ કરોડનાં ૭,૩૧,૯૬૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૭૫૮.૦૨ કરોડનાં ૩,૩૪,૭૯,૦૦૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૨૨.૯૫ કરોડનાં ૬,૨૪૧ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૪૨.૫૦ કરોડનાં ૨,૩૧૬ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૭૪૦.૦૪ કરોડનાં ૧૦,૧૨૮ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૩૦૫.૬૨ કરોડનાં ૧૪,૨૯૯ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૨.૨૪ કરોડનાં ૩૮૪ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૧૧.૩૬ કરોડનાં ૧૨૮.૮૮ ટનનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૨૦,૨૫૭.૦૬૫ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૯૧૨.૬૭૦ ટન, તાંબાના વાયદાઓમાં ૧૩,૨૭૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૩,૯૪૦ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૩,૧૮૮ ટન તથા જસત અને જસત-મિનીમાં ૩૧,૪૩૦ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૭,૯૫,૦૭૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૩,૯૯,૬૧,૨૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૮,૦૯૬ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૩૭૧.૫૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૧૫.૮૩ કરોડનાં ૧૯૬ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૪૩૦ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ જુલાઈ વાયદો ૧૬,૧૯૬ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૨૦૦ અને નીચામાં ૧૬,૧૧૬ બોલાઈ, ૮૪ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૫૪ પોઈન્ટ ઘટી ૧૬,૧૩૦ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૬૩૮૪.૧૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૧૯૮.૩૩ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૦૩.૧૯ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૫૭૩.૮૯ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૨૦૩.૯૭ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૨૮૦.૭૯ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૬,૩૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૧૬.૧૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૨૯.૩૦ અને નીચામાં રૂ.૨૦૯.૪૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૮.૫૦ વધી રૂ.૨૨૨.૮૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જુલાઈ રૂ.૨૩૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩ ખૂલી, ઉપરમાં રૂ.૪.૪૦ અને નીચામાં રૂ.૨.૨૫ રહી, અંતે રૂ.૦.૮૫ વધી રૂ.૪ થયો હતો.

સોનું જુલાઈ રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૧૦ અને નીચામાં રૂ.૫૫ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૭ ઘટી રૂ.૬૪ થયો હતો, જ્યારે સોનું-મિની જુલાઈ રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૨૦ અને નીચામાં રૂ.૬૦ રહી, અંતે રૂ.૪૧.૫૦ ઘટી રૂ.૭૨ થયો હતો.

ચાંદી ઓગસ્ટ રૂ.૭૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૭૪૭ના ભાવે ખૂલી, રૂ.૮૦.૫૦ ઘટી રૂ.૧,૬૦૩ થયો હતો, જ્યારે ચાંદી-મિની ઓગસ્ટ રૂ.૭૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ

આભાર - નિહારીકા રવિયા રૂ.૧,૫૪૯ના ભાવે ખૂલી, રૂ.૬૧.૫૦ ઘટી રૂ.૧,૪૨૦ થયો હતો. તાંબુ ઓગસ્ટ રૂ.૭૪૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૭૭ ઘટી રૂ.૧૧.૭૪ જસત ઓગસ્ટ રૂ.૨૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૦.૦૫ ઘટી રૂ.૨.૯૫ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૬,૨૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૧૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૧૨.૮૦ અને નીચામાં રૂ.૧૯૧.૭૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૨.૩૦ ઘટી રૂ.૧૯૭.૧૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જુલાઈ રૂ.૨૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨.૪૦ ખૂલી, ઉપરમાં રૂ.૨.૭૫ અને નીચામાં રૂ.૧.૭૦ રહી, અંતે રૂ.૦.૩૦ ઘટી રૂ.૨.૨૫ થયો હતો. સોનું જુલાઈ રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૪૫ અને નીચામાં રૂ.૫૧ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૪.૫૦ વધી રૂ.૧૩૬.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની જુલાઈ રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૯.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૮૦ અને નીચામાં રૂ.૧૨૨ રહી, અંતે રૂ.૩૬.૫૦ વધી રૂ.૧૭૨.૫૦ થયો હતો.

ચાંદી ઓગસ્ટ રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૬૪૨ના ભાવે ખૂલી, રૂ.૧૩૦ વધી રૂ.૧,૮૨૬.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની ઓગસ્ટ રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૬૦૭.૫૦ના ભાવે ખૂલી, રૂ.૧૦૮ વધી રૂ.૧,૭૧૫.૫૦ થયો હતો. તાંબુ ઓગસ્ટ રૂ.૭૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલો દીઠ રૂ.૦.૬૬ ઘટી રૂ.૪ થયો હતો.

# સુરતની અઠવાલાઈન્સ કોર્ટ બિલ્ડીંગને ૩૫ કિમી દુર જીયાવ-બુડિયા સ્થળાંતર કરવાના મુદાને લઈને વકીલો સતત વિરોધ

સુરતની અઠવાલાઈન્સ કોર્ટ બિલ્ડીગને ૩૫ કિમી દુર જીયાવ-બુડિયા સ્થળાંતર કરવાના મુદાને લઈને વકીલો સતત વિરોધ નોંધાવી રહ્યા છે. સામાન્ય નાગરિકો-અસીલો-વકીલોને સમય –શક્તિનો વ્યય થશે. સાથે આર્થિક ખર્ચમાં વધારો થશે ત્યારે કોર્ટ સ્થળાંતર બાબતે તંત્રના તઘલખી નિર્ણય અંગે રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર પરિષદને સંબોધન કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના લીગલ સેલના ચેરમેન શ્રી યોગેશ રવાણીએ જણાવ્યુ હતુ કે, તમામ સરકારી કચેરીઓ અહી કોર્ટની નજીકમાં જ આવેલી છે ત્યારે કોઈ પણ જુનીયર વકીલો અથવા મહિલા વકીલોને કોર્ટનું સ્થળાંતર મંજુર નથી. જો કોર્ટનું સ્થળાંતર જિયાવ બુઢીયા ખાતે કરવામાં આવશે તો સુરત સહિતના આસપાસના હજારો પરિવારને ઓછા ખર્ચે ન્યાય મેળવવાની જગ્યાએ શહેર થી ૩૫ કિલોમીટર દૂર હાઈવે પર જવું પડશે.કોર્ટ બિલ્ડિંગ ખસેડવાની વાત છે જે સત્તાધીશો એ આ નિર્ણય જાતે જ કર્યો છે અમારી માંગ છે કે કોર્ટની બાજુમાં જે કૃષિપંચની જગ્યા છે કલેકટર બંગલાની જગ્યા છે અથવા તો અહિયાં એક્સટેન્ડ થાય તથા તંત્ર પાસે વૈકલ્પિક અનુકૂળ જગ્યા છે સુરતના નાગરિકોના હિતમાં કોર્ટ માટે ફાળવણી માટે તંત્રએ મોટું મન રાખવું જોઈએ. કોંગ્રેસના સમયમાં શહેરની મધ્યમાં ન્યાય મળે તે હેતુથી કોર્ટનું બાંધકામ થયું હતું. જ્યારે નવી કોર્ટ હવે ૩૫ કિલોમીટર દૂર ઔદ્યોગિક વિસ્તારમાં થશે. જિયાવ બુડિયા વિસ્તારમાં કેમિકલ કંપનીઓના કારણે પ્રદૂષણનું પ્રમાણ પણ ખૂબ ઊંચું હોય છે ત્યારે વકીલો, પક્ષકારો અને અન્ય લોકોના સ્વાસ્થ્ય માટે અનુકૂળ રહેશે નહી. વકીલો અને સામાન્ય નાગરિકો તો કોર્ટમાં કામ કરતા કર્મચારી પાસેથી કોર્ટના સ્થળાંતર માટે અભિપ્રાય લેવો જોઈએ. પરંતુ અહી તંત્ર દ્વારા કોઈ વકીલ, પક્ષકારો, સાક્ષીઓ કે જાહેર જનતાનો મત લીધો નથી. અને માત્ર સત્તાધીશોએ તઘલખી નિર્ણય લઈને કોર્ટનું સ્થળાંતર કરવાનું નક્કી કર્યું છે. જો તંત્ર દ્વારા અભિપ્રાય લઈને અનુકૂળ નિર્ણય નહી લે તો વકીલો દ્વારા ગાંધી ચીધ્યા માર્ગે આંદોલન અને ધરણા કરવામાં આવશે.

આજરોજ રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર પરિષદમાં સુરતના વકીલ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ લીગલ સેલના કન્વીનરશ્રી બળવંત સુરતી, સુરત શહેર કોંગ્રેસ લીગલ સેલના ચેરમેનશ્રી અજય ગોંડલીયા, એડવોકેટ જમીર શેખ ઉપસ્થિત રહી સુરત કોર્ટના સ્થળાંતરના લીધે વકીલો–અસીલો–સાક્ષી–કોર્ટ કર્મચારીઓને પડનારી મુશ્કેલી અંગે માહિતી આપી હતી અને વકીલોના હીતમાં લડાઈ લડવાની જાહેરાત કરી હતી.

# બોટાદની શ્રી વી.એમ. સાકરિયા મહિલા આર્ટ્સ કૉલેજમાં ઉમા શંકર જોશીની ૧૧૩મી જન્મજયંતી ઉજવણી કાર્યક્રમ યોજાયો




ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર,ગુજરાતી વિભાગ શ્રી વી.એમ. સાકરિયા મહિલા આર્ટ્સ કૉલેજ, તથા બોટાદકર સાહિત્ય સભાના સંયુક્ત ઉપક્રમે આપણી ભાષાના જ્ઞાનપીઠ પુરસ્કૃત સર્જક ઉમાશંકર જોશીની ૧૧૩મી જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હતી. સર્વત્ર ઉમાશંકર શીર્ષક તળે યોજાયેલા આ કાર્યક્રમમાં મહેમાનોનું શાબ્દિક સ્વાગત કૉલેજનાં આચાર્યા ડૉ. શારદાબહેન પટેલ દ્વારા કરવામાં આવેલ. મહેમાનોનો પરિચય ગુજરાતી વિષયના અધ્યાપક ડૉ.જગદીશ ભાઈ ખાંડરા દ્વારા આપવામાં આવેલ. તેમજ સમગ્ર કાર્યક્રમના હાર્દ સમા ઉમાશંકર જોશીના ગદ્ય પદ્ય વિશે મનનીય વક્તવ્યો ગોઠવવામાં આવ્યા હતા. જેમાં શ્રી ઉમાશંકર જોશીના જીવન કવન અને ગદ્ય સાહિત્ય વિશે આપણી ભાષાના જાણીતા વાર્તાકાર શ્રી મુકેશ સોજિત્રા સાહેબ તેમજ કવિ શ્રી ઉમાશંકર જોશીના પદ્ય સાહિત્ય વિશે જાણીતા કવિ,વક્તા અને ઉદ્ઘોષક શ્રી પ્રવીણભાઈ ખાચરે તલસ્પર્શી વક્તવ્યો આપ્યા હતા. સમગ્ર સ્ટાફ તેમજ વિદ્યાર્થિનીઓની હાજરીથી કાર્યક્રમ દીપી ઉઠ્યો હતો. કાર્યક્રમનું સંચાલન ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. વિપુલ કાળિયાણિયાએ સુપેરે સંભાળ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન કૉલેજના આચાર્યા ડૉ. શારદાબહેન પટેલના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો.

**અહેવાલ કનુભાઈ ખાચર.**



તા.૨૦-૭-૨૦૨૩ ગુરુવારે બપોર પછી ૩-૩૦ થી ૬-૩૦ દરમ્યાન અધિક શ્રાવણ માસમાં ટ્રસ્ટને એક વર્ષ પૂર્ણ થયેથી ગાયત્રી યજ્ઞનું આયોજન મહાવીર ગોપાલ મહેંક સેવા સંકુલ, પ્રેરણા તીર્થ દેરાસર રોડ, જોધપુર ગામ ખાતે સંસ્થાની ૨૦૦ જેટલી શ્રમજીવી મહિલાઓએ તથા સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓએ ગાયત્રી પરિવાર નારણપુરા સહયોગથી કરવામાં આવ્યું હતું જેમાં ગાયત્રી મંત્રનું જીવનમાં શું મહત્ત્વ છે તે અંગેની જાણકારી આપવામાં આવી હતી અને ગાયત્રી ચાલીસા પાઠ કરીને સૌને ગાયત્રી ચાલીસા નિ:શુલ્ક વિતરણ કરવામાં આવ્યા હતા સંસ્થાની મહિલાઓનોવિકાસ, બાળકોને શિક્ષણ,રોજગાર લક્ષી તાલીમ જેવી કે કોમ્પ્યુટર સ્કીલ,શિલાઈ વર્ગ, બ્યુટી પાર્લર વર્ગ તથા બપોરે દરરોજ ભૂખ્યાને ભોજનની પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે તે અંગેની જાણકારી ટ્રસ્ટી શ્રી વિનુભાઈ અલગોતરે આપી હતી અને ઉપસ્થિત રહેલા ગાયત્રી પરિવાર નારણપુરાના પરિજનો, લાયન્સ કલબ ઓફ અમદાવાદ જોધપુર હીલના શ્રી ગીરીશભાઈ પટેલ તેમજ અન્ય આમંત્રિત મહેમાનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

### ગીર સોમનાથ, જુનાગઢ અને પોરબંદર જીલ્લાઓમાં અતિ વરસાદને કારણે

# ખેડૂતો અને પ્રજાને થયેલી મુશ્કેલીઓની જાત માહિતી મેળવવા કોંગ્રેસ પક્ષના સિનિયર આગેવાનોની ટીમો અસરગ્રસ્ત જીલ્લાઓની મુલાકાત લેશે

સૌરાષ્ટ્રના ગીર સોમનાથ, જુનાગઢ અને પોરબંદર જીલ્લાઓ કે જ્યાં અતિવૃષ્ટિ થઈ છે તેવા પ્રભાવિત જીલ્લાઓના લોકો વચ્ચે કોંગ્રેસ પક્ષના આગેવાનો જશે અને લોક પ્રશ્નોને વાચા આપશે તેમજ પક્ષના કાર્યકર્તાઓ તરફથી શક્ય તે મદદ કરવામાં આવશે. પ્રદેશ કોંગ્રેસ દ્વારા નક્કી થયા મુજબ (૧) ગીરસોમનાથ જીલ્લામાં પૂર્વ વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઈ ધાનાણી, ધારાસભ્યશ્રી વિમલભાઈ ચુડાસમા, પૂર્વ ધારાસભ્યશ્રી પુંજાભાઈ વંશ, (૨) જુનાગઢ જીલ્લામાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખશ્રી અંબરીશભાઈ ડેર, પૂર્વ ધારાસભ્યશ્રી વિરજીભાઈ ઠુંમર અને શ્રી બાબુભાઈ વાજા (૩) પોરબંદર જીલ્લામાં પૂર્વ પ્રદેશ પ્રમુખ અને ધારાસભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા, ધારાસભ્યશ્રી અરવિંદભાઈ લાડાણી, ગુજરાત પ્રદેશ કિસાન સેલના ચેરમેનશ્રી પાલભાઈ આંબલિયા મુલાકાત લેશે. કોંગ્રેસ પક્ષની ટીમ અસરગ્રસ્ત જીલ્લાના લોકોને મળીને તેમના પ્રશ્નો સાંભળશે. આ ત્રણેય જીલ્લાના પ્રજાના પ્રશ્નો જેવા કે કેશડોલ્સ, ખેતીની જમીન સહિત ખેડૂતોને થયેલ નુકસાન, વિજળી, પીવાનું શુદ્ધ પાણી, પશુપાલકોને ઉભી થયેલી મુશ્કેલી, રોડ-રસ્તા વગેરે પ્રશ્નોને રૂબરૂ સાંભળીને તંત્ર સુધી પહોંચાડવા માટે તેમજ સ્થાનિક કક્ષાએ સરકારી સહાયમાં તંત્રના સંકલનમાં જરૂર પડે ત્યાં કોંગ્રેસનો કાર્યકર મદદરૂપ બને તે માટે કોંગ્રેસ પક્ષના સીનીયર આગેવાનોની ટીમો મુલાકાત લેશે. મુલાકાત બાદ કોંગ્રેસ પક્ષના આગેવાનો જીલ્લા કક્ષાએ કલેકટરશ્રી અને જવાબદાર અધિકારીને લોકોની વ્યથા-મુશ્કેલીઓ અંગે અને ત્વરીત પગલા ભરવા રજુઆત કરશે. ભારે વરસાદને કારણે ઉભી થયેલી પરિસ્થિતિ અંગેનો અહેવાલ પ્રદેશ કોંગ્રેસ સમિતિને રજુ કરશે તેમ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું.

અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત માટે જનાર આગેવાનોનો પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલે આભાર માન્યો હતો અને કોંગ્રેસના સ્થાનિક આગેવાનો અને કાર્યકર્તાઓને અનુરોધ કર્યો છે કે અસરગ્રસ્ત વિસ્તારના લોકોને શક્ય તમામ મદદ કોંગ્રેસના કાર્યકર્તાઓ અને આગેવાનો દ્વારા કરવામાં આવે તેમજ સરકાર સુધી લોકોની વ્યથા પહોંચે તે માટે લોકપ્રશ્નોને ઉજાગર કરે. મુશ્કેલ સમયમાં કોંગ્રેસ પક્ષનો હાથ જનતાની સાથે છે.

# ચાણસ્માના કંબોઈ પાસે કેનાલમાથી યુવકની લાશ મળી

ચાણસ્મા તાલુકાના કંબોઈ ગામ પાસે પસાર થતી નર્મદા કેનાલમાં ગત રોજ એક આશાસ્પદ યુવાનની લાશ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી

નર્મદાની મુખ્ય કેનાલોમાં આપઘાત કરવા ઝંપલાવતા હોવાના કિસ્સા અવાર-નવાર પ્રકાશમાં આવતા હોય છે ત્યારે ગતરોજ પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના કંબોઈ ગામ પાસે આવેલી નર્મદાની મુખ્ય કેનાલમાં



એક યુવકે ઝંપલાવી મોતને વ્હાલું કર્યું હતું જેની જાણ આસપાસના લોકોને થતા દોડી આવી સ્થાનિક તરવૈયા તેમજ ફાયર બ્રિગેડની મદદથી લાશને બહાર કાઢી ચાણસ્મા રેફરલ ખાતે પી. એમ માટે મોકલી આપવામા આવી હતી અત્રે ઉલ્લેખનીય છે કે મરણ જનાર યુવાન હારીજનો જીતુ રાવળ હોવાનું પ્રાથમીક તપાસમાં બહાર આવવા પામ્યું છે.તેમજ નર્મદાની મુખ્ય કેનાલ પાસેથી બાઈક પણ મળી આવ્યું હતું

**રિપોર્ટર- નિખીલ જોષી પાટણ બ્યુરો**

# એનીમલ હેલ્પલાઈન દ્વારા શનિવારે હેમુ ગઢવી હોલ, રાજકોટ ખાતે યોજાશે જીવદયા – ગૌસેવા સંમેલન. સૌ ને પધારવા જાહેર આમંત્રણ

છેલ્લા ૧૯ વર્ષોથી સમગ્ર ભારતની નિ:શુલ્ક પશુ-પક્ષી સારવાર ક્ષેત્રની નંબર વન સંસ્થા, જીવદયા ક્ષેત્રે ભારત સંસ્થાનો એવોર્ડ મેળવનાર સંસ્થા કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનીમલ હેલ્પલાઈન રાજકોટમાં કાર્યરત છે. એનીમલ હેલ્પલાઈન દ્વારા રસ્તે રઝળતા, નીરાધાર, બિમાર પશુઓ, રેલવે ટ્રેકમાં ઘવાયેલી ગાયો, રોડ અકસ્માતમાં ઘવાયેલા નાનામોટા પશુ-પંખીઓને વિનામુલ્યે ઓપરેશન સહિતની સારવાર આપવામાં આવે છે. સંસ્થા પશુ, પક્ષીઓ માટે ત્રણ વેટરનરી હોસ્પિટલ અને હરતું ફરતું અન્નક્ષેત્ર ચલાવે છે. એનીમલ હેલ્પલાઈન દ્વારા જીવદયા – ગૌસેવા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંમેલનમાં ગુજરાતના જીવદયા પ્રેમી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનું અભિવાદન, જીવદયા શ્રેષ્ઠીઓનું ઋણ સ્વીકાર અને એનિમલ એમ્બ્યુલન્સ લોકાર્પણ કરવામાં આવશે. કાર્યક્રમનું આયોજન તા.



૨૨ જુલાઈ, શનિવારનાં રોજ બપોરે ૩ કલાકેથી હેમુ ગઢવી હોલ, મિની થિયેટર, રાજકોટ ખાતે કરવામાં આવ્યું છે.

કાર્યક્રમમાં ગુજરાતનાં મુખ્ય મંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, હિન્દુ ધર્માચાર્ય મહાસભાનાં સંયોજક પ. પૂ. પરમાત્માનંદ સરસ્વતી સ્વામી, જૈન ધર્માચાર્ય પ. પૂ. આચાર્ય ભગવંત જે. પી.ગુરુદેવ, ગુજરાતનાં પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલ, ગુજરાત સરકારનાં કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરિયા, સાંસદો મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરીયા, ધારાસભ્યો ડૉ. દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, ઉદયભાઈ કાનગડ, રાજકોટનાં જીવદયા પ્રેમી કલેકટર પ્રભવ જોશી, પ્રદેશ ભાજપ અગ્રણી ડો. ભરતભાઈ બોઘરા, પૂર્વ કેન્દ્રીય મંત્રી ડૉ.વલ્લભભાઈ કથીરીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, રાજકોટ મહાનગરપાલિકાનાં મેયર ડૉ.પ્રદીપભાઈ ડવ, શહેર ભાજપ પૂર્વ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, સમસ્ત મહાજનનાં ગિરીશભાઈ શાહ, પશુપાલનવિભાગ, ગુજરાત સરકાર સચિવ ડૉ.ફાલ્ગુનીબેન ઠાકર મુખ્ય મહેમાનો તરીકે હાજરી આપશે.

કાર્યક્રમમાં વૈશ્વિક સ્તરે, જીવદયા – પર્યાવરણ સંરક્ષણ ક્ષેત્રે અભૂતપૂર્વ કામ કરનાર મહેન્દ્રભાઈ સંગોઈ(એન્કરવાલા અહિંસાધામ – કચ્છ), જયેશભાઈ જરીવાલા(આદીજીન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ – મુંબઈ), અજયભાઈ અને શ્રીમતી બીનાબેન શેઠ (કવેસ્ટ ફાઉન્ડેશન), વિજયભાઈ ડોબરિયા(પ્રમુખ, સદભાવના વૃદ્ધાશ્રમ), અર્હમ યુવા સેવા ગ્રુપ, જલારામ ગૌશાળા (ભાભર), કમલેશભાઈ શાહ (વર્ધમાન પરિવાર, મુંબઈ), વિરેશભાઈ બારાઈ પરિવાર, શ્રીમતી ગીરાબેન શાહ(જીવદયા ટ્રસ્ટ – અમદાવાદ), દેવેન્દ્ર જૈન (સમસ્ત મહાજન), સુનિલ માનસીઘકા(નાગપુર), ડૉ. હિતેશ જાની(આયુર્વેદાચાર્ય), પ્રભુદાસભાઈ તન્ના (શ્રીજી ગૌશાળા), શ્યામભાઈ ખનકભાઈ પારેખ, એડવોકેટ અભય શાહ સહીતનાં જીવદયા પ્રેમીઓનું સન્માન કરવામાં આવશે.

કાર્યક્રમની સફળતા માટે ભરતભાઈ મહેતા પરિવાર (હોટલ ભાભા), રવીન્દ્રભાઈ શેઠ, ડો. રશ્મિકાંતભાઈ મોદી, કલ્પકભાઈ મણિયાર, જયોતીન્દ્રભાઈ મહેતા, જગદીશભાઈ - ભરતભાઈ ભીમાણી, ચંદુભાઈ - વીરાભાઈ હુંબલ, ચંદ્રકાંતભાઈ શેઠ, જયંતિભાઈ કાલરીયા, ધર્મેશભાઈ મનુભાઈ મહેતા, મુકેશભાઈ પાબારી,વર્ધમાન યુવક ગ્રુપ,જયંતીભાઈ પટેલ, અમિતભાઈ સંઘવી સહિતનાઓની શુભેચ્છાઓ મળી રહી છે.

# ચાણસ્મા રૂપેશ્વર સોસાયટી નજીક ગટરના પાણી ઉભરાતા રહેશો ત્રાહિમામ પુકારી ઊઠ્યા



ચાણસ્મા શહેરની અંદર આવેલ રૂપેશ્વર સોસાયટી ની આજુબાજુ ૧૦ જેટલી સોસાયટી ઓ આવેલી છે જે સોસાયટીઓમાં ગટરના પાણી ઉભરાવાનો પ્રશ્ન પેચીદો બન્યો છે ત્યારે પણ ૧૦ જેટલી સોસાયટીઓમાં છેલ્લા કેટલાય સમયથી ગટરનું પાણી ઉભરાવાથી રોગચાળાની ભીતી સેવાઈ રહી છે ત્યારે સત્વરે ચાણસ્મા નગરપાલિકા દ્વારા યોગ્ય નિકાલ નહિ આવે તો ગાંધીજી ચિન્ધ્યા માર્ગે જવાની ચિમકી ઉચ્ચારી હતી

રૂપેશ્વર સહિતની ૧૦ જેટલી સોસાયટીઓમાં છેલ્લા ૧૦ વર્ષથી ગટરના પાણી ઉભરાવાની સમસ્યા જોવા મળી રહી છે ત્યારે નગરપાલિકા દ્વારા વેરા વસુલાત કરવામાં જાણે પાવર શુદ્ધા હોય તેમ વેરા વસુલાત કરી રહી છે ત્યારે પ્રાથમિક સુવિધા આપવામાં ઉણી ઉતરી છે તેવી જ રીતે રૂપેશ્વર સોસાયટી સહિતની ૧૦ જેટલી સોસાયટીઓમાં ગટરોનું પાણી ઉભરાતા મચ્છરજન્ય રોગ પેદા થવાની પુરેપુરી શક્યતા રહી છે ત્યારે સમગ્ર સોસાયટીઓના રહીશો દ્વારા જો સત્વરે ગટર ઉભરાવવાના પ્રશ્નનો નિરાકરણ નહીં આવે તો ગાંધી ચિન્ધ્યા માર્ગે જવાની ચીમકી ઉચ્ચારી હતી.

**રિપોર્ટર નિખિલ જોશી પાટણ બ્યુરો**

# શ્રમ અને રોજગાર મંત્રીઓની G20 બેઠક ઈન્દોરમાં સંપન્ન થઈ




ભારતની ૮૨૦ પ્રેસિડેન્સી હેઠળ શ્રમ અને રોજગાર મંત્રીઓની બેઠક (ન્ઈસ્સ) શુક્રવારે ઈન્દોરમાં યોજાઈ હતી.આ બેઠકની અધ્યક્ષતા કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ભૂપેન્દ્ર યાદવે કરી હતી. આ બેઠકમાં વીડિયો સંદેશ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૮૨૦ પ્રતિનિધિઓને પ્રોત્સાહિત કર્યા હતા.મંત્રીસ્તરની આ બેઠક પહેલા,૧૯-૨૦ જુલાઈએ રોજગાર કાર્યકારી જૂથની ચોથી બેઠક અહીં યોજાઈ હતી, જેમાં વૈશ્વિક સ્તરે રોજગારની સમસ્યાનો સામનો કરવા માટે મહત્વપૂર્ણ ચર્ચા કરવામાં આવી હતી. વર્કિંગ ગ્રૂપની બેઠક બાદ શુક્રવારે અંતિમ ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવ્યો હતો. આ દરમિયાન આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ શ્રમ અને રોજગાર સંબંધિત વૈશ્વિક મુદ્દાઓ પર તેમના વિચારો રજૂ કર્યા હતા. ૨૪ મંત્રીઓ સહિત ૧૬૫ પ્રતિનિધિઓએ બેઠકમાં તેમની હાજરી નોંધાવી હતી, જેનો મુખ્ય એજન્ડા આઉટકમ ડોક્યુમેન્ટના મુસદ્દાને અંતિમ સ્વરૂપ આપવાનો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના વીડિયો સંદેશમાં કહ્યું કે, “ચોથી ઔદ્યોગિક ક્રાંતિના આ યુગમાં ટેકનોલોજી એ રોજગારનું મુખ્ય પ્રેરક બની છે અને ભવિષ્યમાં પણ રહેશે. ભારત જેવા દેશમાં આ બેઠક યોજાઈ રહી છે, જ્યાં ભૂતકાળમાં આવા ટેક્નોલોજી આધારિત પરિવર્તનો દરમિયાન મોટી સંખ્યામાં ટેક્નોલોજી-સંબંધિત નોકરીઓનું સર્જન કરવાનો અનુભવ છે.” પ્રધાનમંત્રીએ ૮૨૦ પ્રતિનિધિઓને પ્રોત્સાહન આપતા કહ્યુ કે, “મને ખાતરી છે કે તમે આજે વિશ્વભરના તમામ કામદારોના કલ્યાણ માટે મજબૂત સંદેશો પહોંચાડશો. મને આશા છે કે આ બેઠક ફળદાયી અને સફળ રહેશે.”બીજી તરફ, બે દિવસીય રોજગાર કાર્યકારી જૂથની બેઠકના ઉદ્ઘાટન સત્રમાં શ્રમ અને રોજગાર મંત્રાલયના સચિવ અને ૮૨૦ ઈઉ૮ના અધ્યક્ષ આરતી આહુજાએ પ્રતિનિધિઓનું સ્વાગત કર્યું અને છેલ્લા ત્રણ ઈઉ૮ દરમિયાન થયેલી ચર્ચાઓ અને સિદ્ધિઓનો સારાંશ આપ્યો હતો. અગાઉની બેઠકોના પરિણામોને આગળ વધારતા પ્રતિનિધિઓ સાથે બેઠકની શરૂઆત થઈ હતી. તેઓએ કાર્યકારી જૂથ હેઠળ આઉટકમ ડોક્યુમેન્ટને અંતિમ સ્વરૂપ આપવા અંગે પણ ચર્ચા કરી.

# ગુજરાત ના ચાર મહાનગર માં ત્રણ વર્ષ માં અકસ્માત માં ૧૮,૨૮૭ મૃત્યુ

રાજીવ ગાંધી ભવન ખાતે પ્રેસ વાર્તા ને સંબોધતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતાશ્રી પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ જણાવ્યુ કે ગુજરાતમાં જે પ્રકારે ગમખ્વાર અકસ્માત માં નિર્દોષ લોકો ના જીવ જઈ રહ્યા છે તે સમાજ અને સરકાર બંને માટે ચિંતાનો વિષય છે. ગુજરાત રાજ્ય ના ચાર મહાનગરો એનસીઆરબીના આંકડા મુજબ ત્રણ વર્ષ માં ૧૮,૨૮૭ મૃત્યુ થયા. અકસ્માત માં મૃત્યુ આંકમાં સુરત ગુજરાત રાજ્ય માં મોખરે છે. સુરત શહેરમાં ત્રણ વર્ષમાં અકસ્માતમાં ૬૭૬૦ મૃત્યુ થયા છે. અમદાવાદ માં ત્રણ વર્ષમાં ૫૪૯૫, રાજકોટ માં ૩૯૩૪ અને વડોદરા માં ૨૦૯૮ મૃત્યુ




થયા છે. ગુજરાત રાજ્યમાં રોડ સેફ્ટી એક્ટ ૨૦૧૮ માં અમલ આવી ગયો છે, છતાં હાલમાં પણ તેનું સંપૂર્ણ પાલન થઈ રહ્યું નથી.

ગુજરાત રાજ્ય ના રોડ સેફ્ટી ઓથોરિટી મુજબ ગત વર્ષ ૨૦૨૨ માં ઓવર સ્પીડિંગ ના લીધે નેશનલ હાઈવે માં અકસ્માત માં ૧૯૯૧ મૃત્યુ થયા .જ્યારે વર્ષ ૨૦૨૧ માં ઓવર સ્પીડિંગ માં ૧૯૭૧, વર્ષ ૨૦૨૦ માં ૧૭૧૮ અને વર્ષ ૨૦૧૯ માં ૧૮૨૪ મૃત્યુ થયા. વર્ષ ૨૦૨૨ માં રોંગ સાઈડ ડ્રાઈવિંગ ના લીધે અકસ્માત થી ૬૨ મૃત્યુ થયા જ્યારે વર્ષ ૨૦૨૧ માં ૬૩, વર્ષ ૨૦૨૦ માં ૬૩ અને વર્ષ ૨૦૧૯ માં ૬૨ મૃત્યુ થયા. ગુજરાત સરકાર જોડે અમારી માંગ છે કે ગુજરાત ને સ્પીડ મેનેમેન્ટ પ્લાન ની તાતી જરૂરિયાત છે. ઈન્ટરસેપ્ટર વાહનો માત્ર નામ પૂરતા દેખાય છે તેનો પુરતો ઉપયોગ કરવો જોઈએ. સ્પીડ કેમેરા લગાડવા, સ્પીડ લિમિટ ને ફોલો કરવા માટે પૂરતા પ્રયાસો કરવા જોઈએ. ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી દ્વારા હાયર એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ નો સમાવેશ કરી ટીન એજર અને યુવાનો માં જાગૃતિ લાવવા નો પ્રયત્ન કરવો જોઈએ. ટ્રાફિક પોલીસ દ્વારા સ્પીડ મોનીટરીંગ કરવું જોઈએ. એસ જી હાઈવે અમદાવાદ જેવો કરૂણ અકસ્માત ફરી ન બને તે માટે સરકારે રોડ સેફ્ટી ને પ્રાધાન્ય આપવા ઉપર કામ કરવું જોઈએ.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.